# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-09-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

### આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************

1) નવી દિલ્હીમાં નાગરિક ઉડ્ડયન અંગેની પરિષદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારતના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રમાં ઉડ્ડયન ક્ષેત્રનો મહત્વનો ફાળો.

2) ભારતીય સામ્યવાદી પક્ષ– માર્ક્સવાદીના મહાસચિવ સીતારામ યેચુરીનું નવી દિલ્હી ખાતે આજે 72 વર્ષની વયે નિધન.

3) કેરળમાં યોજાયેલા સંમેલનમાં બિનભાજપ શાસિત રાજ્યોના નાણામંત્રીઓએ રાજ્યોને મળતા કરનો હિસ્સો વધારવાની માગ કરી.

4) વિએતનામમાં યાગી વાવાઝોડાના કારણે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 197 લોકોના મોત, 100થી વધુ લોકો ગુમ હોવાના અહેવાલ.

5) ચીનમાં રમાઈ રહેલી પુરૂષોની હૉકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી સ્પર્ધાની સેમિ-ફાઈનલમાં ભારતે કૉરિયાને હરાવી સતત ચોથી વખત જીત નોંધાવી.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM ASIA PACIFIC CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશના ઉડ્ડયન ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળી રહ્યું છે અને તે નાગરિકો માટે મુસાફરીની સરળતા અને જોડાણ વધારી રહ્યું છે. નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે નાગરિક ઉડ્ડયન અંગેની બીજી એશિયા પ્રશાંત મંત્રીસ્તરની પરિષદમાં શ્રી મોદીએ આ મુજબ જણાવ્યું હતું.

**(બાઈટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

પરિષદમાં પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન એટલે કે, ICAOના 80 વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે 80 હજાર વૃક્ષ વાવવાની જાહેરાત કરી હતી તેમ જ તમામ સભ્ય દેશને "દિલ્હી ઘોષણાપત્ર"ને અપનાવવા કહ્યું હતું..

## HARIYANA JK NOMINATION

હરિયાણામાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા અને જમ્મુ-કાશ્મીરમાં ત્રીજા તેમ જ અંતિમ તબક્કાના મતદાન માટે ઉમેદવારીપત્ર ભરવાનું કામ આજે સાંજે પૂર્ણ થયું છે. આવતીકાલે આ ઉમેદવારીપત્રોની ચકાસણી કરાશે. જ્યારે હરિયાણામાં આગામી 16મી સપ્ટેમ્બર અને જમ્મુ-કાશ્મીરમાં 17 ઑક્ટોબર સુધી ઉમેદવારો ઉમેદવારીપત્ર પરત લઈ શકાશે. 90 સભ્યની હરિયાણા વિધાનસભાની ચૂંટણી માટે આગામી 5 ઑક્ટોબરે મતદાન થશે.

જમ્મુ-કાશ્મીરમાં ત્રીજા તબક્કા અંતર્ગત ચાલીસ વિધાનસભા બેઠક માટે પહેલી ઑક્ટોબરે મતદાન થશે.

## SITARAM YECHURI DEMISE

ભારતીય સામ્યવાદી પક્ષ – માર્ક્સવાદીના મહાસચિવ સીતારામ યેચુરીનું આજે 72 વર્ષની વયે નિધન થયું છે. લાંબા સમયથી બિમાર શ્રી યેચુરીએ નવી દિલ્હીના એઈમ્સ હૉસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. માર્ક્સવાદી સામ્યવાદી પક્ષે એક નિવેદનમાં જણાવ્યું છે કે, શનિવારે તેમનો પાર્થિવ દેહ નવી દિલ્હીમાં આવેલા પાર્ટીના મુખ્યમથક એકે. ગોપાલન ભવનમાં અંતિમ દર્શન માટે રાખવામાં આવશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સોશિયલ મીડિયા પર શોક સંદેશમાં લખ્યું કે, સીતારામ યેચુરી એક વિદ્યાર્થી નેતા અને બાદમાં રાષ્ટ્રીય રાજનીતિજ્ઞ તેમ જ સાંસદ તરીકે એક મજબૂત અવાજ હતા. સુશ્રી મુર્મૂએ કહ્યું, શ્રી યેચુરી સમર્પિત વિચારક હોવા છતાં તમામ રાજકીય પક્ષમાં તેમના મિત્રો હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર શૉક સંદેશમાં જણાવ્યું કે, શ્રી યેચુરીએ અસરકારક સંસદસભ્ય તરીકેની છાપ ઊભી કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયાની પોસ્ટમાં લખ્યું કે, શ્રી યેચુરીના નિધનથી રાજકીય ક્ષેત્રને ખોટ પડી છે. શ્રી શાહે શ્રી યેચુરીના પરિવારના સભ્યો અને મિત્રો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

## KERALA- FIN. MINISTERS CONCLAVE

બિનભાજપ શાસિત રાજ્યોના નાણામંત્રીઓનું એક દિવસનું સંમેલન આજે કેરળના તિરુવનંથપુરમ્ ખાતે યોજાયું હતું. સંમેલનમાં તેલંગાણા, કર્ણાટક, પંજાબ અને તમિલનાડુના મંત્રી ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન 16મા નાણાપંચ અને કેન્દ્ર તથા રાજ્ય સરકારો વચ્ચે નાણાકીય સંબંધો સાથે સંકળાયેલા અનેક મુદ્દા પર વિચાર કરવામાં આવ્યો હતો.

કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયને સંમેલનનું ઉદ્ઘાટન કરતાં કહ્યું કે, રાજ્યોએ 15મા નાણાપંચને એક આવેદન આપ્યું હતું, જેમાં રાજ્યોને મળતા કરનો હિસ્સો વધારીને ચોખ્ખી આવકના 50 ટકા કરવાની માગ કરવામાં આવી હતી. શ્રી વિજયને દેશભરમાં વિકાસના વિવિધ સ્તર અને વ્યક્તિદીઠ આવકના અંતરને જોતા રાજ્યો વચ્ચે કરની સંતુલિત વિતરણ અંગેની પણ વાત કહી હતી. તેમણે કહ્યું કે, કેન્દ્ર દ્વારા લગાવાયેલા સેસ અને સરચાર્જમાં વધારાને કારણે રાજ્યોને મળતા કરનો હિસ્સો ઘટ્યો છે.

## GLOBAL BIO INDIA 2024

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નૉલોજી રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું કે, ભારત બાયોટેક્નૉલોજી એટલે કે, જીવવિકાસશાસ્ત્ર આધારિત જૈવિક ક્રાંતિના યુગ તરફ અગ્રેસર છે. નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે વૈશ્વિક જૈવિક ભારત 2024ને સંબોધિત કરતાં શ્રી સિંહે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી સિંહે ઉંમેર્યું, જે રીતે એક સમયે પશ્ચિમી દેશો પર માહિતી પ્રૌદ્યોગિક વિજ્ઞાન ક્રાંતિની અસર હતી. તે જ પ્રકારે ભારતને પણ જૈવિક ક્રાંતિમાંથી પસાર થવું પડી રહ્યું છે. વૈશ્વિક જૈવિક ભારત 2024 અંગે પોતાના વિચાર વ્યક્ત કરતાં ડૉ. સિંહે કહ્યું, વિવિધ મંત્રાલયો, રાજ્ય સરકારો, નવા કામ શરૂ કરનારી સંસ્થાઓ, સંશોધકો, જૈવિક સમૂહો, રોકાણકારો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, નીતિ નિર્ધારકો માટે આ એક મહત્વના સ્થળની ભૂમિકા ભજવશે.

## PM PARALYMPICS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના નિવાસસ્થાન પર આજે પેરિસ પેરાલિમ્પિકથી પરત આવેલા ભારતીય દળ સાથે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રીએ ચંદ્રક જીતનારા તમામ ખેલાડીઓને તેમના ઉત્કૃષ્ટ દેખાવ બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા. ભારતીય ખેલાડીઓએ આ વખતે અત્યાર સુધીના સૌથી વધારે ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ભારતે આ પેરાલિમ્પિકમાં સાત સુવર્ણ, નવ રજત અને 13 કાંસ્ય ચંદ્રક સાથે કુલ 29 ચંદ્રક જીતીને 18મુ સ્થાન મેળવ્યું છે. ખેલાડીઓના આ દળે ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતના 19 ચંદ્રક જીતવાના વિક્રમને પણ તોડી નાખ્યો છે.

## NITI AAYOG PANDEMIC REPORT

નીતિ આયોગે "ભવિષ્યની મહામારી માટેની તૈયારી અને આપાતકાલીન પ્રતિક્રિયાઃ કાર્યવાહી માટે એક રૂપરેખા" શીર્ષક સાથે નિષ્ણાતોના સમૂહનો અહેવાલ જાહેર કર્યો છે. આ અહેવાલનું મુખ્ય ધ્યાન દેશને ભવિષ્યમાં કોઈ પણ જાહેર સ્વાસ્થ્ય કટોકટી કે મહામારી માટે તૈયારી કરવા તેમ જ ત્વરિત પ્રતિક્રયા પ્રણાલી સ્થાપિત કરવા માટેનું માળખું પૂરું પાડવાનું છે.

નીતિ આયોગે કોવિડ-19ના અનુભવ પરથી શીખતા ભવિષ્યની મહામારીઓને પહોંચી વળવા માટે રૂપરેખા તૈયાર કરવા નિષ્ણાતોનું સમૂહ બનાવ્યું હતું. આ સમૂહે કહ્યું કે, અસરકારક વ્યવસ્થાપનના પ્રકોપ પહેલા 100 દિવસમાં પ્રતિક્રિયા આપવી મહત્વપૂર્ણ છે.

# VIETNAM YAGI

વિએતનામમાં યાગી વાવાઝોડાના કારણે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 197 લોકોના મોત નીપજ્યા છે. જ્યારે 100થી વધુ લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે. વાવાઝોડાના કારણે છેલ્લા 6 દિવસમાં પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ સર્જાઈ છે. આ વાવાઝોડાથી સૌથી વધુ નુકસાન ઉત્તર વિએતનામમાં થયું છે.

યાગી વાવાઝોડું સાતમી સપ્ટેમ્બરે વિએતનામના ઉત્તર-પૂર્વ દરિયાકાંઠાએ ટકરાયું હતું, ત્યારબાદ મોટા પાયે ઔદ્યોગિક અને રહેણાક વિસ્તાર અસરગ્રસ્ત થયા હતા. આ પહેલા આ વાવાઝોડાની અસર ફિલિપિન્સ અને દક્ષિણ ચીનદ્વીપ હૈનાનને પણ થઈ હતી. વિએતનામમાં છેલ્લા ત્રણ દાયકામાં પહેલી વાર આવું વાવાઝોડું આવ્યું છે.

# EVE HOCKEY

ચીનના હુલનબર ખાતે રમાઈ રહેલી પુરૂષોની હૉકી એશિયન ચેમ્પિયન્સ ટ્રૉફી સ્પર્ધામાં ભારતે કૉરિયાને ત્રણ એકથી હરાવી સતત ચોથી જીત નોંધાવી છે. આ મેચમાં અરૈજીત સિંહ હુંડલ અને સ્કીપર હરમનપ્રીત સિંહે ગોલ કર્યા હતા. જ્યારે કૉરિયા તરફથી યાન્ગ જિહૂંએ એકમાત્ર ગોલ પેનલ્ટી કૉર્નર પર કર્યો હતો.

ભારતે ગયા વર્ષના ઉપવિજેતા મલેશિયાને હરાવતા પહેલાં ચીન અને જાપાનને હરાવી સેમિ-ફાઈનલમાં પોતાનું સ્થાન મેળવી લીધું હતું. હવે ભારત શનિવારે અંતિમ લીગ મેચમાં પાકિસ્તાન સામે રમશે. હાલમાં રાઉન્ડ-રોબિનમાં 6 ટીમની સ્પર્ધા રમાઈ રહી છે, જેમાં ટૉચની ચાર ટીમ 16 સપ્ટેમ્બરે સેમિ-ફાઈનલ માટે લાયક ઠરશે. જ્યારે ફાઈનલ મેચ 17મી સપ્ટેમ્બરે રમાશે.

# PADMA AWARDS NOMINATIONS

પદ્મ પુરસ્કાર 2025 માટે 15 સપ્ટેમ્બર સુધીમાં નામ મોકલી શકાશે. રાષ્ટ્રીય પુરસ્કાર પૉર્ટલ પર ઑનલાઈન મારફતે જ આ નોંધણીનો સ્વીકાર કરાશે. નોંધણીમાં તમામ સંબંધિત વિગતો સામેલ હોવી આવશ્યક છે. તેમ જ પુરસ્કાર માટે ભલામણ કરાયેલી વ્યક્તિની વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓનો ઉલ્લેખ પણ હોવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે, પદ્મ પુરસ્કારોની જાહેરાત આવતા વર્ષે પ્રજાસત્તાક દિવસ પર કરાશે.

## PUTIN MET BRICS DELEGATES

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને આજે કૉન્સ્ટેન્ટિનોવ્સ્કી પેલેસ ખાતે બ્રિક્સ દેશોના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. બ્રિક્સ એટલે કે, બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના આ સંગઠનના પ્રતિનિધિઓ 2 દિવસના સલામતી શિખર સંમેલનમાં ભાગ લેવા રશિયા પહોંચ્યા છે.

ભારતના રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત ડોભાલે અહીં પહોંચી સૌથી પહેલા ડિજિટલ ક્ષેત્રના કારણે સર્જાતા પડકારો અને આતંકવાદને અસરકારક રીતે પહોંચી વળવા બ્રિક્સ દેશો સાથે મળીને કામ કરવાનું આહ્વાન કર્યું હતું.

બ્રિક્સ પ્રતિનિધિઓની આ બેઠક ગઈકાલે રશિયાના સલામતી પરિષદના સચિવ સર્ગેઈ શોઈગુની અધ્યક્ષતામાં શરૂ થઈ હતી. દરમિયાન બ્રિક્સ દેશની સાથે ઇજિપ્ત, સંયુક્ત આરબ અમીરાત, ઇરાન અને ઇથિયોપિયાના પ્રતિનિધિ પણ ઉપસ્થિત રહ્યા હતા.